દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

રવિવાર ૨૮ ડિસેમ્બર, ૨૦૨૫

# ખ્રિસ્તી પર થતા અત્યાચારને કારણે અમેરિકા નાઈજીરિયા પર હુમલો કરી શકે તો ભારત બાંગલાદેશ પર કેમ નહીં

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે અમેરિકાએ ઉત્તર-પશ્ચિમ નાઇજીરિયામાં ચરમપંથી સંગઠન ઇસ્લામિક સ્ટેટ (આઇએસ) સમૂહ વિરુદ્ધ એક "શક્તિશાળી અને ઘાતક હુમલો" કર્યો છે. ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટમાં અમેરિકન રાષ્ટ્રપતિએ આઇએસને "આતંકી કચરો" બતાવ્યો અને તેના પર "મુખ્યત્વે નિર્દોષ ખ્રિસ્તીઓને નિશાન બનાવવા અને ક્રૂરતાપૂર્વક હત્યા કરવાનો" આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે અમેરિકન સૈન્યે "ઘણાં બરોબર નિશાનો પરના હુમલા" કર્યા. જોકે, તેમણે આની સાથે સંકળાયેલી કોઈ વધારાની માહિતી ન આપી. એ સ્પષ્ટ નથી કે કેટલાં ઠેકાણાંને નિશાન બનાવાયાં અને આ હુમલો ક્યારે કરાયો. નવેમ્બર માસમાં ટ્રમ્પે અમેરિકન સૈન્યને નાઇજીરિયામાં 'ઇસ્લામિક ઉગ્રવાદી સમૂહો'ના સામના માટે કાર્વયાહીની તૈયાર કરવાનો આદેશ આપ્યો હતો. ગુરુવારે મોડી રાત્રે પોતાની પોસ્ટમાં ટ્રમ્પે કહ્યું કે "મારા નેતૃત્વમાં અમારો દેશ કટ્ટર ઇસ્લામિક આંતકવાદને ચાલુ રહેવા નહીં દે." નવેમ્બરમાં અપાયેલી ચેતવણીમાં અમેરિકાના રાષ્ટ્રપતિએ એ સ્પષ્ટતા નહોતી કરી કે તેઓ કઈ હત્યાઓનો ઉલ્લેખ કરી રહ્યા છે. પરંતુ હાલના મહિનામાં અમેરિકના કેટલાંક દક્ષિણપંથી જૂથોમાં નાઇજીરિયામાં ખ્રિસ્તીઓ વિરુદ્ધ જનસંહારના દાવા કરાઈ રહ્યા છે. હિંસા પર નજર રાખતાં સંગઠનોનું કહેવું છે કે એવા કોઈ પુરાવા નથી કે જેનાથી સાબિત થાય કે નાઇજીરિયામાં મુસ્લિમોની સરખામણીએ ખ્રિસ્તીઓની હત્યા વધુ થઈ રહી છે.

નાઇજીરિયામાં બંને ધર્મના અનુયાયીઓની લગભગ સરખી વસતિ છે.આ પહેલાં ટ્રમ્પે નાઇજીરિયાને એક "વિશેષ ચિંતાવાળા દેશ" તરીકે જાહેર કર્યો હતો અને કહ્યું હતું કે ત્યાં ખ્રિસ્તી વસતિ પર ખતરો છે. તેમણે કહ્યું હતું કે "હજારો" લોકોની હત્યા થઈ છે. જોકે, તેના સમર્થનમાં કોઈ પુરાવાર રજૂ નહોતા કર્યા. આ એક એવો દરજ્જો છે, જેને અમેરિકન વિદેશ મંત્રાલય એવા દેશોને આપે છે જે "ધાર્મિક સ્વતંત્રતાનાં ગંભીર ઉલ્લંઘનો"માં સામેલ હોય છે અને તેની અંતર્ગત પ્રતિબંધ લાદી શકાય છે. આ જાહેરાત બાદ રાષ્ટ્રપતિ ટિનૂબૂએ કહ્યું હતું કે તેમની સરકાર તમામ ધર્મોના સમુદાયોના રક્ષણ માટે અમેરિકા અને આંતરરાષ્ટ્રીય સમુદાય સાથે કામ કરવા માટે પ્રતિબદ્ધ છે. બોકો હરામ અને ઇસ્લામિક સ્ટેટ વેસ્ટ આફ્રિકા પ્રાંત જેવાં ચરમપંથી જૂથોએ ગત એક દાયકાથી વધુ સમયથી ઉત્તર-પૂર્વ નાઇજીરિયામાં બારે તબાહી મચાવી છે અને હજારો લોકોની હત્યા કરી છે. જોકે, રાજકીય હિંસાનું વિશ્લેષણ કરનારા સંગઠન ઇસીએલઇડી પ્રમાણે, તેમાંથી મોટા ભાગના મૃતક મુસ્લિમ હતા. મધ્ય નાઇજીરિયામાંય પાણી અને ગોચર સુધી પહોંચ અંગે મોટા ભાગના મુસ્લિમ પશુપાલકો અને મોટા ભાગે ખ્રિસ્તી એવાં ખેતી કરતાં સમૂહો વચ્ચે વારંવાર હિંસક ઘર્ષણ થતાં રહે છે. પ્રતિશોધમાં કરાયેલા આ ઘાતક હુમલાના ચક્રમાં હજારો લોકોનાં મૃત્યુ થયાં છે, પરંતુ અત્યાચાર બંને પક્ષો તરફથી કરાયા છે. માનવાધિકાર સંગઠનોનું કહેવું છે કે ખ્રિસ્તીઓને વિશેષપણે નિશાન બનાવાઈ રહ્યા હોવાના કોઈ પુરાવા નથી.

## જીવનના સૌથી અઘરા પ્રશ્નો

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક દિવસ એક શિષ્યએ ગુરુજી પાસે અભિમાનથી કહ્યું, 'ગુરુજી હું એકદમ તૈયાર છું તમે મને કોઇપણ પ્રશ્ન પૂછો હું જવાબ આપીશ.' ગુરુજી શિષ્યના અભિમાનને સમજી ગયા અને હસીને પૂછ્યું, 'કોઇપણ અઘરો પ્રશ્ન પૂછું તને જવાબ આવડશે ને?' શિષ્ય બોલ્યો, 'હા, હા ગુરુજી.' ગુરુજીએ એક પછી એક પ્રશ્ન પૂછવાના શરૂ કર્યા. શિષ્ય એક પછી એક જવાબ આપવા લાગ્યો. થોડા પ્રશ્નો પૂછ્યા બાદ ગુરુજી બોલ્યા, 'વાહ, વત્સ તારી તૈયારી સટીક છે તો વધુ અઘરા પ્રશ્નો પૂછું?' શિષ્ય તો વધુ અભિમાનના આસમાનમાં ઉડવા લાગ્યો અને બોલ્યો, 'ગુરુજી, કઈ પણ પૂછો મને જવાબ આવડશે! ગુરુજી મરક મરક હસ્યા અને બોલ્યા, 'હવે હું તને એકદમ અઘરાં ત્રણ પ્રશ્નો કહીશ જે તારે તારી જાતને પૂછવાના છે અને એમાંથી તને એકનો પણ જવાબ આવડશે તો હું તારું સન્માન કરીશ. પહેલો પ્રશ્ન છે 'હું કોણ છું? બીજો પ્રશ્ન છે 'મારી આજુબાજુમાં આ બધું શું ચાલી રહ્યું છે?' અને ત્રીજો પ્રશ્ન છે 'હું અહીં શું કરવા આવ્યો છું?' ગુરુજીએ ત્રણ પ્રશ્નો કહ્યા અને પછી શિષ્ય સામે જોયું. શિષ્ય વિચારમાં પડી ગયો. પછી ધીમેથી બોલ્યો, 'ગુરુજી સાચે પ્રશ્નો અઘરા છે મને વિચારવા માટે થોડો સમય આપો.' ગુરુજી બોલ્યા, 'વાંધો નહીં, વત્સ તને જોઈએ એટલો સમય લઇ લે. જવાબ મળે એટલે મને જણાવજે.' એક દિવસ વીતી ગયો. દિવસો વીત્યા. શિષ્ય સતત પેલા પ્રશ્નોના જવાબ શોધવા મથતો હતો અને થોથા ઉથલાવી નાખ્યા પણ ક્યાંય આ પ્રશ્નોના જવાબ મળ્યા નહીં. ઘણું વિચાર્યું પણ કોઈ જવાબ મળ્યો નહીં. ગુરુજી તો કઈ પૂછતાં નહીં પણ શિષ્યને શરમ આવતી કે હું પ્રશ્નોના જવાબ શોધી શક્યો નથી. મહિના પછી શિષ્ય ગુરુજી પાસે ગયો અને તેમના ચરણોમાં પડી માફી માંગતા કહ્યું, 'ગુરુજી, મને માફ કરો મેં શેખી મારી હતી કે હું દરેક પ્રશ્નોના જવાબ આપીશ પણ મેં બહુ પ્રયત્નો કર્યા પણ આ સવાલના જવાબ મળી નથી રહ્યા. હવે તમે જ આ પ્રશ્નોના જવાબ આપો.' ગુરુજી હસ્યા અને બોલ્યા, 'વત્સ, આ દરેકના જીવનના સૌથી મહત્ત્વના અને સૌથી અઘરા પ્રશ્નો છે જેનો જવાબ કોઈ પાસે નથી. આ મૂળભૂત પ્રશ્નો દરેકે પોતાની જાતને પૂછવાના છે અને તેનો જવાબ કોઈ થોથામાં કે કોઇ જ્ઞાની પંડિત પાસે નથી, તેનો જવાબ તમારા મનમાંથી જ મળશે. એકાંતમાં બેસીને ચિંતન, મનન, ભક્તિ કરતા ક્યારેક આ પ્રશ્નનોનો જવાબ કોઈક વિરલાને મળે બાકી મોટા ભાગના આ પાયાના પ્રશ્નનો જવાબ ક્યારેય મળતો જ નથી. એકાંતમાં ચિંતન-મનન કર અને મનમાંથી સૌથી પહેલા અભિમાન ભૂંસી નાખીને પ્રયત્ન કરતો રહેજે.' ગુરુજીએ પાયાની સમજ આપી શિષ્યની આંખો ખોલી નાખી.

# રશિયન મિલિટરી સેવાઓમાં ભારતીયોની ભરતી

વર્લ્ડ વૉચ

ડૉ. જયનારાયણ વ્યાસ

એક ખતરનાક ખબર આવી છે. ૨૦૦ કરતાં વધારે ભારતીય નાગરિકો જે રશિયા દ્વારા એના સશસ્ત્ર દળોમાં યુક્રેન સામે લડવા માટે ભરતી કરાયા છે, તે ખરેખર ફસાયા છે. આવું બીજું કોઈ નહીં પણ ભારત સરકારનું વિદેશ મંત્રાલય કહે છે અને તે પણ ભારતીય સંસદમાં કહે છે કે, ૨૦૨૨માં રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયું ત્યારથી અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૨૬ ભારતીય નાગરિકો માર્યા ગયા છે. જોકે, પૂરેપૂરી અને સાચેસાચી માહિતી તો વિદેશ મંત્રાલય પાસે પણ નથી. બીજી બાજુ રશિયા-યુક્રેન યુદ્ધ પૂરું થવાનું નામ લેતું નથી. વિદેશ મંત્રાલયે રાજ્યસભામાં આપેલ જવાબ મુજબ ભારત સરકારના મીશન દ્વારા અત્યાર સુધી ૨૦૨ ભારતીયોને ઓળખી કાઢવામાં આવ્યા છે, જે રશિયન મિલિટરીમાં જોડાયા છે. આ માહિતી રશિયન સત્તાવાળાઓ દ્વારા પૂરી પાડવામાં આવી છે. જેમણે એમ પણ કહ્યું છે કે, આમાંથી ૨૬ વ્યક્તિ મારી ગઈ છે.

ભારત સરકાર દ્વારા રશિયન મિલેટરીમાં જોડાયેલ આવા ભારતીયોને મુક્ત કરાવી દેશમાં લઈ આવવા માટે સઘન પ્રયત્નો થયા છે, જેને કારણે અત્યાર સુધીમાં ૧૧૯ લોકોને રશિયન મિલિટરીમાંથી છૂટા કરાવી સ્વદેશ પરત લવાયા છે. આ સામે હજુ બીજા ૫૦ લોકો રશિયન મિલિટરી સેવા સાથે જોડાયેલા છે અને તેઓ ઝડપથી પાછા ફરી શકે તે માટે ભારત સરકાર રશિયન સત્તાવાળાઓ સાથે સઘન પ્રયાસો કરી રહી છે. વિદેશ મંત્રાલયના કહેવા મુજબ ઘણા બધા કિસ્સાઓમાં સારી નોકરી અથવા શિક્ષણની તકો મળશે એવા બહાના હેઠળ રશિયા લઈ જવાયેલ ભારતીયોને વોર ઝોનમાં કામે લગાડવામાં આવ્યા હતા. ભારતે આ બાબત અંગે પોતાની ચિંતા રશિયા સામે મૂકી આ ભારતીય નાગરિકો સાથે માનવતાપૂર્ણ વ્યવહાર થાય, બને તેટલા ઝડપથી તેમને છૂટા કરાય અને ભારત પાછા મોકલી અપાય એ માટેની કાર્યવાહી હાથ ધરી છે.

> **ભારતીય નાગરિકો વિદેશમાં કોઈ પણ નોકરી માટે જવા ઈચ્છતા હોય તેમણે નોકરીદાતા અંગેની જાણકારી તેમજ અન્ય વિગતો, આધારભૂત સાધનોમાંથી અથવા ભારતીય કોન્સ્યુલૂટ પાસેથી મેળવી ત્યાર પછી જ આવું કોઈ પગલું ભરવું**

જે માર્યા ગયા છે અથવા ગૂમ છે તેવા કિસ્સાઓમાં ભારતે તેમના ડીએનએ સેમ્પલ રશિયન સત્તાવાળાઓને સોંપ્યા છે. ભારત સરકારના જણાવ્યા મુજબ આ રીતે રશિયા જઈને ફસાઈ ગયેલા લોકોના પરિવારો સાથે સરકાર સઘન સંપર્ક જાળવી રાખે છે અને તેમને શક્ય તેટલી બધી જ સહાય પૂરી પાડવામાં આવે છે. વિદેશ મંત્રાલયના ધ્યાને એવું આવ્યું છે કે, આ રીતે લાલચમાં ફસાઈને ગયેલા યુવાનોનો દાખલો આપી એણે મિલિટરી સર્વિસ અથવા બીજી કોઈ નોકરી વિદેશમાં સ્વીકારતા પહેલાં એ ખ્યાલ રાખવો જોઈએ કે, આ પ્રકારની વ્યવસ્થાઓ અત્યંત જોખમી અને છેતરપિંડી કરનારી હોય છે. આ કારણે ભારત સરકારે કહ્યું છે કે, ભારતીય નાગરિકો વિદેશમાં કોઈ પણ પ્રકારની નોકરી માટે જવા ઈચ્છતા હોય તેમણે નોકરીદાતા અંગેની જાણકારી તેમજ અન્ય વિગતો આધારભૂત સાધનોમાંથી અથવા ભારતીય કોન્સ્યુલૂટ પાસેથી મેળવી ત્યાર પછી જ આવું કોઈ પગલું ભરવું જોઈએ.

આપણે કહેવાતા ડંકીરૂટ કે અન્ય ગેરકાયદેસર રસ્તે અમેરિકા જવાનું સાહસ કરનાર લોકો કાં તો જાન ગુમાવે છે અથવા કલ્પી પણ ન શકાય એવી યાતનાઓ અને મુશ્કેલીઓમાં ફસાય છે તે જાણીએ છીએ અને આમ છતાંય રાતોરાત બહુ મોટી આવક ઊભી કરી લેવાના ધખારામાં લોકો ફસાતા રહે છે.

રશિયા-યુક્રેન યુદ્ધ ચોથા વર્ષમાં પ્રવેશ્યું. એનો અંત હજુ ક્યાંય દેખાતો નથી. રશિયા પાસે યુદ્ધમોરચે લડી શકે તેવા સૈનિકોની ખોટ છે, તેવા સંયોગોમાં ભારત, નેપાળ, પાકિસ્તાન કે અન્ય દેશોમાંથી આ રીતે લાલચ આપીને છેતરામણી કરવામાં આવે છે તે સામે સાવધ રહેવું જોઈએ.

વિદેશમાં નોકરી મેળવવી ઘણા બધા ગુજરાતીઓનું સ્વપ્ન હોય છે અને એ પૂરું કરવા માટે તેઓ ગમે તે રસ્તા અપનાવતા હોય છે ત્યારે ગેરકાયદેસર અમેરિકા જનારાનો કે રશિયન આર્મીમાં ભરતી થનારાનો આ દાખલો સૌ ગુજરાતીઓ માટે આંખ ઉઘાડનાર બની રહેવો જોઈએ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# સમયના બે સૌથી પ્રભાવશાળી પુરુષો: ગાંધી વિરુદ્ધ લેનિન

સમયાંતર

રામચંદ્ર ગુહા

હાલમાં એક રસપ્રદ ટાઇટલ સાથેનું એક પુસ્તક મારા જોવામાં આવ્યું: લેનિન એન્ડ ગાંધી. તે લખનાર ઓસ્ટ્રેલિયન લેખક રેન ફલિપ મિલર હતા. આ પુસ્તક મૂળ ફ્રેન્ચ ભાષામાં પ્રકાશિત થયું હતું, અને મેં જે વાંચ્યુ તે તેનું અંગ્રેજી ભાષાંતર હતું, જે ૧૯૨૭માં પ્રકાશિત થયું હતું. ૧૯૨૦ ના દાયકામાં, ગાંધી અને લેનિન વચ્ચેની એક પુસ્તક-લંબાઈની આ સરખામણી ખૂબ જ અર્થપૂર્ણ હતી. બંને પુરુષો નજીકના સમકાલીન હતા, જેઓ એકબીજાથી છ મહિનાની અંદર આ દુનિયામાં પ્રવેશ્યા હતા. બંને મધ્યમ વર્ગમાં જન્મ્યા હતા, બંને ગરીબોને મુક્ત કરવા અને અન્યાયનો અંત લાવવાની ઉત્કટ ઇચ્છાથી પ્રેરિત હતા. જો કે, મહત્વના તફાવતો પણ હતા. લેનિન તેમના લખાણોમાં ક્રૂર રીતે વિવાદાસ્પદ હતા, જ્યારે ગાંધી જાહેરમાં અને ખાનગીમાં સભ્યતાનો ઉપયોગ કરતા હતા. એક સંબંધિત, છતાં વધુ મહત્વપૂર્ણ તફાવત એ હતો કે એક હિંસાના વેદી પર પૂજાતો હતો, જ્યારે બીજો અહિંસાના આચરણ માટે સમર્પિત હતો.

જ્યાં સુધી હું જાણું છું, ગાંધી અને લેનિનની છપાયેલી તુલના કરનાર પ્રથમ લેખક બોમ્બેના કટ્ટરપંથી શ્રીપાદ અમૃત ડાંગે હતા. એપ્રિલ ૧૯૨૧ માં, ડાંગેએ સાઠ પાના લાંબી એક પત્રિકા પ્રકાશિત કરી, જેનું સીધું શીર્ષક ગાંધી વિરુદ્ધ લેનિન હતું. પોતે સામ્યવાદી હોવાને કારણે, ડાંગેએ ગાંધીવાદ કરતાં લેનિનવાદને પ્રાધાન્ય આપ્યું હતું, પરંતુ - કદાચ કારણ કે તેમણે ગાંધીને રૂબરૂ જોયા હતા - તેથી તેમના દેશબંધુ પ્રત્યે શેષ સહાનુભૂતિ જાળવી રાખી હતી. આમ તેમણે અવલોકન કર્યું કે 'વ્યવહારિક જીવનમાં બંને પ્રણાલીઓના સિદ્ધાંતોનો સંપૂર્ણ અમલ અશક્ય છે. ગાંધીવાદ માનવ સ્વભાવની કુદરતી ભલાઈમાં અતિશય વિશ્વાસ અને ગેરવાજબી વિશ્વાસથી પીડાય છે, જ્યારે બોલ્શેવિઝમ માનવ હિતો અને લાગણીઓની અતિશય ઉપેક્ષાથી પીડાય છે'. ડાંગેના ચાર વર્ષ પછી, હેરી વોર્ડ નામના અમેરિકન મેથોડિસ્ટ મંત્રીએ એપ્રિલ 1925 માં 'ધ વર્લ્ડ ટુમોરો' નામના જર્નલના અંકમાં 'લેનિન અને ગાંધી' નામનો એક લેખ પ્રકાશિત કર્યો. વોર્ડે એ પણ નોંધ્યું કે લેનિન અને ગાંધીએ તેમની મધ્યમ-વર્ગીય પૃષ્ઠભૂમિને પાર કરી અને 'તેમના જીવનની સરળતા' દ્વારા પોતાને જનતા સાથે ઓળખાવ્યા. પછી તેઓ વિરોધાભાસ તરફ વળ્યા. જેમ વોર્ડે કહ્યું, 'લેનિનની ફિલસૂફી શક્તિની ફિલસૂફી છે, તેમનો કાર્યક્રમ બળનો કાર્યક્રમ છે. ગાંધીની ફિલસૂફી પ્રેમની ફિલસૂફી છે, તેમનો કાર્યક્રમ અહિંસાનો કાર્યક્રમ છે. લેનિન કહે છે કે આપણે સમાન પ્રકારની વધુ શક્તિ દ્વારા જુલમીના બળને દૂર કરીશું. ગાંધી કહે છે કે આપણે તેને અલગ પ્રકારની શક્તિથી દૂર કરીશું'. હેરી વોર્ડ લેનિન અને ગાંધીને 'તે સમયના બે સૌથી પ્રભાવશાળી પુરુષો' તરીકે જોતા હતા. જેમ તેમણે લખ્યું હતું: 'લેનિન અને ગાંધી દ્વારા રજૂ કરાયેલા વિચારો અને આદર્શોના સંઘર્ષ પર માનવજાતનું ભવિષ્ય બદલાઈ જાય છે. તળિયે રહેલા લોકોએ મોટા જીવનમાં આવવું જોઈએ. શું તેઓ ધીમે ધીમે સંચય અને વહેંચણી દ્વારા તે પ્રાપ્ત કરશે જેમની પાસે હવે વધુ વિશેષાધિકારો અને તકો છે, અથવા તેઓને સત્તાના સંઘર્ષમાં મજબૂર કરવામાં આવશે જે સંસ્કૃતિના તત્વોનો નાશ કરશે?' એવું લાગે છે કે, 1927 માં ગાંધી અને લેનિન પરના તેમના પુસ્તક પ્રકાશિત કરતી વખતે, રેને ફુલોપ-મિલરને ખબર નહોતી કે ડાંગે અને વોર્ડ તેમની પહેલાં સમાન માર્ગ પર ચાલ્યા હતા. તેમની જેમ, તેમણે સૂચવ્યું કે ગાંધી અને લેનિન બંનેએ તેમના વ્યક્તિત્વની આકર્ષક શક્તિ દ્વારા તેમના દેશ અને ઇતિહાસના માર્ગને બદલી નાખ્યો. બંને તેમની માન્યતાઓની હિંમતથી આગળ વધ્યા હતા, જ્યારે ભૂતપૂર્વ સાથીદારોએ તેમને છોડી દીધા ત્યારે પણ એકલા સંઘર્ષ કરવા તૈયાર હતા. દરેકે સમાજના વિવિધ વર્ગો વચ્ચે, લેનિનના રશિયાના કિસ્સામાં ખેડૂતો અને કામદારો વચ્ચે અને ગાંધીના ભારતના કિસ્સામાં હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે રચનાત્મક સંઘો લાવવા માટે અથાક મહેનત કરી. કેટલીક રીતે, ફુલોપ-મિલરનું વિશ્લેષણ તેમના પૂર્વગામીઓ જેવા જ માર્ગે ચાલ્યું. જો કે, તેઓ લેનિનના રાજકીય વ્યવહાર અને ગાંધીના નૈતિક અંતર વિશે ઓછા દ્વિધામાં હતા. આમ તેમણે લખ્યું કે 'ધિક્કાર લેનિનનું તત્વ હતું'; તેઓ 'રાજકીય વિરોધીઓ સાથે વ્યવહાર કરવાનો બીજો કોઈ રસ્તો જાણતા નહોતા સિવાય કે, તેમને કચડી નાખો. જુલમ વિના વર્ગવિહીન વિશ્વ ઈચ્છતા લેનિન, 'પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરવાનો નગ્ન ક્રૂર બળ સિવાય બીજો કોઈ રસ્તો જોઈ શકતા ન હતા, તે તેમના વિશિષ્ટ ભાગ્યમાં સૌથી દુ:ખદ બાબત છે.'

બીજી બાજુ, ફુલોપ-મિલરે લખ્યું, ગાંધીજીના 'અહિંસા વિચારના સાર્વત્રિક સત્ય પ્રત્યેના ઊંડા વિશ્વાસે તેમને બધા સંજોગોમાં ફક્ત પ્રેમ દ્વારા વ્યક્તિગત અને રાજકીય દુશ્મનો સામે લડવાનું નક્કી કર્યું.' અને વધુમાં, 'ગાંધીની ક્રાંતિ ઈતિહાસમાં ભલાઈ અને અહિંસાની ક્રાંતિ તરીકે અનન્ય છે, જે એક એવા માણસના નેતૃત્વ હેઠળ છે જે સમજણનો ઉપદેશ આપે છે અને જેનો સૂત્ર તમારા દુશ્મનોને પ્રેમ કરો છે. ૧૯૨૬ માં - હેરી વોર્ડનો લેખ પ્રકાશિત થયાના એક વર્ષ પછી, પરંતુ રેને ફુલોપ-મિલરનું પુસ્તક પ્રકાશિત થયાના એક વર્ષ પહેલાં - ફિલિપ સ્પ્રેટ નામનો એક યુવાન બ્રિટીશ સામ્યવાદી ક્રાંતિને વેગ આપવા માટે ભારત આવ્યો હતો. ઑસ્ટ્રિયન કે અમેરિકનથી વિપરીત, તે લેખક નહોતો પણ એક કાર્યકર્તા હતો, અને તેની પાસે સમાનતા કે શંકાસ્પદતાનો સમય નહોતો. તેણે લેનિનનો માર્ગ પસંદ કર્યો હતો. બે વર્ષ સુધી, સ્પ્રેટ ઉપખંડમાં ફરતો રહ્યો, ભારતીય ક્રાંતિકારીઓ સાથે સંપર્કો બનાવતો રહ્યો અને ક્રાંતિની સંભાવનાઓનું મૂલ્યાંકન કરતો રહ્યો. પછી, મે ૧૯૨૯ માં, તેની ધરપકડ કરવામાં આવી, અને તેના ભારતીય સાથીઓ સાથે મેરઠ કાવતરું કેસમાં કેસનો સામનો કરવા માટે મોકલવામાં આવ્યો. સ્પ્રેટ લગભગ એક દાયકા સુધી જેલમાં હતો. જેલમાં રહેતા સમયે તેણે ભારતીય ઈતિહાસ અને ફિલસૂફી વિશે ઘણું વાંચ્યું, જે વિષયો વિશે તેને પહેલા બહુ ઓછું જ્ઞાન હતું. તેના વાંચનથી તે ગાંધી તરફ તેના લેનિનવાદી વિચારો કરતાં વધુ સહાનુભૂતિથી જોતો હતો. જેલમાંથી છૂટ્યા પછી તેઓ ગાંધીજીને મળવા સેવાગ્રામ ગયા. તેમની વાતચીતનો ઉપયોગ કરીને, પરંતુ ગાંધીજીના પોતાના લખાણો પર વધુ પડતા ભાર મૂકીને, તેમણે તે સમયના આ પ્રખ્યાત ભારતીયનું એક પુસ્તક-લંબાઈનું મૂલ્યાંકન પ્રકાશિત કર્યું. અહીં, સ્પ્રેટે વીરતાપૂર્વક લેનિન અંગે તેઓ જે શીખ્યા હતા તેની સાથે બાંધછોડ કરી. તેમને ગાંધીજી પ્રત્યે આદર આપવાનું શીખવવામાં આવ્યું હતું, જેમની તેઓ હવે વધુ પ્રશંસા કરવા લાગ્યા હતા. ગાંધીવાદ: એક વિશ્લેષણ નામના તેમના પુસ્તકમાં, સ્પ્રેટે લખ્યું: 'ભારતીય ગામડાઓની વર્તમાન પરિસ્થિતિઓમાં કરોડો લોકોને જરૂર કરતાં એક દિવસ વધુ સમય માટે છોડી દેવા એ ગુનો છે. રશિયનોએ અતિશય ઉતાવળ કરવી પડી છે, ઘણી તંગી સહન કરવી પડી છે અને કડક બળજબરીભર્યા પગલાં લેવા પડ્યા છે, મુખ્યત્વે વિદેશી આક્રમણના ભયને કારણે. રૂઢિચુસ્ત સમાજવાદ, જો આવા અસામાન્ય પગલાંથી દૂર રહી શકે, તો ... કદાચ અડધી સદીમાં ભારતને રહેવા યોગ્ય દેશ બનાવી શકે છે, જેમાં લોકો વાજબી રીતે શિક્ષિત, સુખી અને સમૃદ્ધ હોય. શ્રી ગાંધીની પદ્ધતિ કદાચ ઘણો લાંબો સમય લેશે. પરંતુ તેના પરિણામો એટલા મૂલ્યવાન હોઈ શકે છે, અને તે અહિંસાના પ્રયોગ, માનવ બાબતોમાંથી નફરત નાબૂદ કરવા અને સત્યનું પાલન કરવા જેટલું રસપ્રદ છે, જેને કોઈ પણ વ્યક્તિ લગભગ પસંદ કરી શકે છે.' આપણે અહીં હેરી વોર્ડના અચેતન પડઘા શોધીએ છીએ, જેમાં સ્પ્રેટ સૂચવે છે કે જ્યારે લેનિનની પદ્ધતિઓ કદાચ વધુ અસરકારક હોઈ શકે છે, ત્યારે ગાંધીજીની પદ્ધતિઓ ચોક્કસપણે વધુ માનવીય હતી.

> **લેનિન તેમના લખાણોમાં ક્રૂર રીતે વિવાદાસ્પદ હતા, જ્યારે ગાંધી જાહેરમાં અને ખાનગીમાં સભ્યતાનો ઉપયોગ કરતા હતા. એક સંબંધિત, છતાં વધુ મહત્વપૂર્ણ તફાવત એ હતો કે એક હિંસાના વેદી પર પૂજાતો હતો, જ્યારે બીજો અહિંસાના આચરણ માટે સમર્પિત હતો**

સ્પ્રેટ જેલમાં કટ્ટર માર્ક્સવાદી તરીકે પ્રવેશ્યા હતા; પણ લેનિનવાદ અને ગાંધીવાદ વચ્ચેના મધ્યભાગની શોધમાં તેઓ મૂંઝવણમાં મૂકાયા હતા. તેઓ એમ. એન. રોયની આસપાસના વર્તુળમાં જોડાયા. 1930 ના દાયકાના અંતમાં, લેનિનના આ ભૂતપૂર્વ સાથી અને લાંબા સમયના ગાંધીજીના ટીકાકારે એક નવી રેડિકલ ડેમોક્રેટિક પાર્ટી શરૂ કરી હતી, જે ઈન્ડિપેન્ડન્ટ ઈન્ડિયા નામનું અખબાર ચલાવતી હતી, જેના વિષયવસ્તુ પર રોય પોતે નજીકથી નજર રાખતા હતા.

ડિસેમ્બર 1941 માં, સ્પ્રેટ, જે હવે એક ભારતીય મહિલા સાથે પરિણીત છે અને બેંગ્લોરમાં રહે છે, તેમણે એમ. એન. રોયને તેમના અખબારમાં પ્રકાશન માટે એક લેખ મોકલ્યો. રોયે લેખને ગાંધી પ્રત્યે અતિશય સહાનુભૂતિ ધરાવતો હોવાને કારણે ફગાવી દીધો. કમનસીબે, લેખની હસ્તપ્રત હવે ઉપલબ્ધ નથી, પરંતુ તેની સામગ્રીનું સ્વરૂપ સ્પ્રેટે રોયને લખેલા પત્રમાં પ્રગટ થાય છે. અહીં સ્પ્રેટે દલીલ કરી હતી કે ગાંધીવાદ 'આત્મનિર્ભરતા, પ્રામાણિકતા, જાહેર બાબતોમાં રસ, સહકાર કરવાની ક્ષમતા, [અને] સાંપ્રદાયિકતાથી મુક્તિ' કેળવે છે. આમ તેમનું માનવું હતું કે તે 'દેશને સ્વતંત્રતા માટે યોગ્ય બનાવવા (મેં સમાજવાદ માટે યોગ્ય કહ્યું ન હતું)' માટે એક મુખ્ય બળ બની શકે છે. સ્પ્રેટે, પસાર થતાં, લેનિનની એક 'ભૂલ' તરફ પણ ધ્યાન દોર્યું હતું, એટલે કે, 'તેઓ બુર્જુઆ લોકશાહીને સંપૂર્ણ છેતરપિંડી માનતા હતા, જેનો ઉપયોગ ક્રાંતિકારી હેતુઓ માટે કરવા યોગ્ય છે, પરંતુ તેનું કોઈ મૂલ્ય નથી. વાસ્તવમાં, તે એક ખૂબ જ મૂલ્યવાન સિદ્ધિ છે, અને જ્યાં સુધી તેના મુખ્ય લક્ષણો, એટલે કે રાજકીય લોકશાહી, નાગરિક સ્વતંત્રતાઓ, વિચારની સ્વતંત્રતા, વગેરે, સાચવવામાં નહીં આવે, ત્યાં સુધી સમાજવાદ કોઈ લાભ નહીં આપે. ફિલિપ સ્પ્રેટે લોકશાહી માટે બે ચીયર્સ આપ્યાના એંસી વર્ષ પછી, વિશ્વભરમાં લોકશાહી શાસન ઘેરાબંધીમાં છે. ટ્રમ્પના અમેરિકા, ઓર્બનના હંગેરી, નેતન્યાહૂના ઇઝરાયલ, એર્ડોગનના તુર્કી, (અને ઓછામાં ઓછું નહીં) મોદીના ભારતમાં, જમણેરી સત્તાધારીઓ જાહેર સંસ્થાઓની સ્વાયત્તતા છીનવી લેવા અને હાલમાં સત્તામાં રહેલા પક્ષની તરફેણમાં મતભેદો ઉભા કરવા માટે સખત મહેનત કરી રહ્યા છે.

જોકે, આવા લોકશાહી પતનનો જવાબ લોહિયાળ, લેનિનવાદી શૈલીની ક્રાંતિ નથી, જેના પરિણામે એક-પક્ષીય સરમુખત્યારશાહી સરકાર બને. તેના બદલે, વ્યક્તિએ ખરેખર નિષ્પક્ષ ચૂંટણીઓ, મુક્ત પ્રેસ, સ્વતંત્ર ન્યાયતંત્ર, સ્વતંત્ર નાગરિક સેવા અને અન્ય આવી સંસ્થાઓના જોમ અને વચનને નવીકરણ કરવાનો પ્રયાસ કરવો જોઈએ જેણે 'બુર્જુઆ લોકશાહી'ને માનવજાતની 'સૌથી મૂલ્યવાન સિદ્ધિ' બનાવવામાં મદદ કરી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## પતંગોત્સવ કે મરણોત્સવ

**પીવાના પાણીની પ્લાસ્ટિક બોટલો વેસ્ટમાં** જથ્થાબંધ ખરીદ્યા બાદ ઓગાળી બેહિસાબ નફાખોરી માટે જીવલેણ ચાઈનીઝ દોરી બનાવાય છે. આ ઉપરાંત ઉત્તરાયણમાં અઢળક રૂપિયા કમાવા માટે દાદરાનગર હવેલી અને સુરતથી ઘાતક ચાઈનીઝ દોરીના લાખો રૂપિયાનો ટેલર ટ્રાવેલ્સમાં મંગાવાય છે. યાર્નની આડમાં ફેકટરીમાં ચાઈનીઝ દોરીનું ઉત્પાદન કરાય છે. સાઈકલ અને બાઈક પર જતાં લોકો યા રાહદારીઓના ગાળામાં દોરી ફસાઈ જતાં રોડ પર લોહીલુહાણ હાલતમાં પટકાય છે અને કેટલીક વખત સારવાર અગાઉ જ મોતને ઘાટ ઉતરી જાય છે. આ ઉપરાંત પંખીઓની પાંખો કપાવા અને ફસાઈને મરવા જેવા અગણિત કિસ્સાઓ બન્યા છે. ચાઈનીઝ તુક્કલોના વેપારની જાહેરાત ફોટા સાથે સોશિયલ મીડિયા પર વ્યાપકપણે થાય છે. ગુજરાતભરમાં ચાઈનીઝ દોરી, ગ્લાસકોટેડ નાયલોન, ચાઈનીઝ તુક્કલ પર ગુજરાતની વડી અદાલત અને પોલીસ ઓથોરીટિ દ્વારા પ્રતિબંધ હોવા છતાં ઉઘાડે છોગે આવા જોખમી અને ઘાતક ઉત્પાદનોના બેરોકટોક વેચાણ, ઉપયોગ, વપરાશ ચાલુ છે. પતંગ-દોરીથી મૃત્યુ નીપજ્યા અને ઈજા થયાના સૌથી વધુ બનાવો અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, ગાંધીનગર, મહેસાણામાં બન્યા છે.

**મણિનગર, અમદાવાદ- જિતેન્દ્ર બ્રહ્મભટ્ટ**

## આ શું માંડ્યુ છે? શું થશે!

દેશની જનતાને આજે સોશ્યલ નેટવર્ક મારફતે ચકરાવે કોણ ચઢાવે છે? શા માટે આટલી બધી હદે વર્ગ વિગ્રહ કરાવવાની નવી પેરવી અને દેખાદેખીના ચકરાવા તેમજ કોમીવૈમનસ્ય વધારતા જતા, કહેવડાવાતા ધર્મ પ્રેમીઓ જરાતરા પણ તમારામાં અક્કલ હોશિયારી બાકી રહી હોય તો આજથી જ ચેતી જજો.

આપણા દેશમાં શી ખબર કેવા કેવા તુંડમિજાજી અને નકરા બનાવટી ધર્મપ્રેમીઓનાં ટોળેટોળા ઊભરાતા જાય છે! છેલ્લા દાયકામાં ધાર્મિક વૈમનસ્ય છતું થયું છે, લાઉડસ્પીકર ઉપર હનુમાન ચાલીસા સારી વાત છે કે, રીતસરની ધાર્મિક અદેખાઈ અને ભારોભાર ઈર્ષ્યા જણાઈ આવે એવું નથી લાગતું? આજકાલ મોટાભાગનાં સોશ્યલ નેટવર્કિંગના પડદા ઉપર સમુદાય અને ધર્મ, સંપ્રદાયને રીતસર નિશાને લઈ સદીઓથી ગવાતા અંગ્રેજી માધ્યમના નાના ભૂલકાના પ્રિય ગીત જીંગલ બેલને પણ બાનમાં લેવા સનાતન ધર્મની માતા તુલસીનો ઉપયોગ કરી લીધો.

માની લઈએ કે આ સંસ્કાર સિંચનનો ભાગ હશે પરંતુ એક વાત સ્પષ્ટ થઈ ગઈ તેમ આજે સર્વત્ર ધર્મ અને ધર્માંધતાના અંચળા ઓઢાડવાની જબરજસ્ત બાલિશ કોશિશો થઈ રહેલ છે. ખરેખર તો દેશની પ્રગતિની એકધારી સાચી દિશામાં અવરોધ ઉત્પન કરી શકે છે, એવી દહેશત અસ્થાને તો નથી જ લાગતી.

**સોનીફળિયા, સુરત- પંકજ મહેતા**

## બાંગલાદેશી ક્રિકેટરોની હકાલપટ્ટી જરૂરી

આજની સળગતી સમસ્યા અને ગઈકાલની ગફલતનું પરિણામ બાંગ્લાદેશનું સર્જન એ ભારતની સફળતા કરતાં ભૂલ વધુ લાગે છે. જેને પાળી પોષીને મોટો કર્યો,એ જ સાપ હવે આપણને ડંખે છે. એના હાલ પર છોડી દેવામાં શાણપણ હતું. આ દેશો કાયમ વફાદારી ધર્મ પ્રતિ જ રાખે છે. તમે એને ગમે એટલું પોષો પગભર થયા એટલે તમારી સામે જ શિંગડા ઉગામશે. આજે બાંગ્લાદેશમાં હિન્દુઓ સાથે થતા અત્યાચારો, મંદિરો તોડવા, હિન્દુઓની નિર્મમ હત્યા, હિન્દુત્વ, હિન્દુ ધર્મ અને સંસ્કૃતિને કાફર માની કરાતા અત્યાચારોને જોતા લાગે છે કે જો, આ સાપને એના નહોર અને દાંત દૂર કરીને મૂક્યો હોત તો, એ પાળેલો પોષેલો બાંડો સાપ, આજે ડંખતો ન હોત. હવે એ જ સાપને આઈપીએલમાંથી જેમ પાકિસ્તાની ખેલાડીઓની બાદબાકી કરી તેમ બાંગ્લાદેશી ખેલાડીઓનો બહિષ્કાર કરી દેત તો એ શાણપણ ગણાતે. આપણા જ પૈસાથી આપણી જ સામે હુમલા, આમાં મૂર્ખામી એ દૂરંદેશીનો અભાવ વધુ લાગે છે. માત્ર પૈસા કમાવાની લાલચમાં દેશહિત વિરુદ્ધ આચરણ કરવામાં કયા પ્રકારની રણનીતિ છે? સાચુ પૂછો તો સરકારે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડને આઈપીએલનું આયોજન ન કરવા જણાવવું જોઈએ તેમ થતું નથી એ આશ્ચર્યજનક છે.

**નાનપુરા, સુરત- સુરેન્દ્ર દલાલ**

## જન હિતમાં જારી

1947માં સરેરાશ આયુષ્ય 40 વર્ષ હતું, 80 ટકા વસ્તી અભણ, 90 ટકા મહિલા આશિક્ષિત, 90 ટકા આયાત હતી કેપિટલ ગુડ્સ બનતો નહોતો, 1960 સુધીમાં આયાત 63% થઈ અને 1974 માં ઘટીને માત્ર 9 ટકા થઈ એટલે કે દેશમાં ઉત્પાદન થવા માંડેલું, જાહેર સાહસ સ્થપાયા, આઝાદી પછી 21 વર્ષમાં ખેતી ક્ષેત્રે કામ થયું! IIT, IIM, CISR, ISRO, AIIMS, DRDO, BHEL, BHABHA,NIV જેવી રાષ્ટ્રીય સંસ્થાઓ આવી. મેલેરિયા અને ટીબીગ્રસ્ત દેશમાં તેના નિવારણ માટે બેંગ્લોર, પોંડીચેરી, દિલ્હી, મદ્રાસમાં સંસ્થાઓ આવી, 36 મેડિકલ કોલેજ, 17 નર્સિંગ સ્કૂલ 3000 તાલીમ કેન્દ્ર, અને ડ્રામા, સંગીત નાટ્ય, ફિલ્મ, સાહિત્ય માટે રાષ્ટ્રીય સંસ્થાઓ આવી, એ ભારતનું વિધાતાએ લખેલું નેહરુ હસ્તકનું ભાગ્ય હતું અને છે. એક વૈજ્ઞાનિક અભિગમ જેમાં પરંપરાઓ જાળવી રાખવાની નિસ્બત હતી. 2014 બાદ આજે ગટરમાંથી ગેસ, તાળી, થાળી, વાદળોનો લાભ, ગૌમુત્ર, પુષ્પક વિમાન, નોટબંધી એ આજના આપણા જવાહરની ઉપલબ્ધી છે.

**નવસારી - રાજન જોશી**

## વિશ્વ ઉપકાર ઘટનાઓ

ઓસ્ટ્રેલિયા જાપાન અને અનુક્રમે સોશિયલ મીડીયાનો નિર્ણય અવકાશમાંથી સોલાર એનર્જી પ્રાપ્ત કરવાનો તેમજ છ હાથવાળો 360 ડીગ્રી ફરી શકે તેવો રોબોટ બનાવવાની ઘટનાઓ વિશઅવ માટે ઉપકારક બેન એમ હોઈ આ ત્રણેય દેશો અભિનંદનને પાત્ર છે.

ઓસ્ટ્રેલિયા વડાપ્રધાન એન્થેની અલ્બની જે દેશમાં 16 વર્ષથી નાની ઉંમરના તમામ બાળકોનો સોશિયલ મીડીયા વપરાશ ઉપર પ્રતિબંધ મૂકીને સમાજ માટેનો સામે પ્રવાસો અઘરો પણ ઉપકારક નિર્ણય હિંમતથી લીધેલ છે. સોશીયલ મિડિયાના અનેક ગંભીર પ્રશ્નો ઉભા થયેલ છે. જે ઓસ્ટ્રેલિયા લઈને વિશઅવને રાહ ચીંધેલચે. 21મી સદીમાં ટેકનોલોજી, સ્માર્ટફોન ગેજેટ અને એઆઈની બોલબાલા ચે ત્યારે આપણા દેશના પાડોશી દેશ ભૂતાન દ્વારા પણ ટેકનોલોજીના મર્યાદિત ઉપયોગ કરવાની જીવન પદ્ધતિ અપનાવાઈ રહી છે જે માટે ભૂતાનને પણ અભિનંદન છે.

જાપાને પોતાના એક પ્રોજેકટ હેઠળ અવકાશમાં રહીને સોલાર એનર્જીને વિદ્યુત ઉર્જામાં પરિવર્તીત કરીને વાયરલેસ પદ્ધતિથી પૃથ્વી પર પ્રથમવાર મોકલીને સફળતા મેળવેલ જે વિશ્વ માટે રીન્યુએબલ એનર્જી ટેકનોલોજમાં નોંધપાત્ર પ્રશંસનીય પગલુ છે.

ચીનની એક કંપનીએ વિશ્વા પ્રથમવાર હાથવાળો અને 360 ડીગ્રી ફરી શકે તેવો રોબોટ બનાવીને વિશ્વને નોંધપાત્ર-પ્રદાન કરેલ છે. 140 કરોડની વસ્તીવાળા આપણા લોકશાહી દેશે પણ વિશ્વ માટે આવા નોંધપાત્ર અને ઉપકારક શોધને પ્રદાન કરીને વિશ્વમાં અગ્રગણ્ય બનવાની જરૂર છે.

**સોલા, અમદાવાદ - પ્રવિણ રાઠોડ**

## પ્રેમની પરિમિતી

પ્રેમમાત્ર અઢી અક્ષરનો શબ્દ છે પણ તેને સમજતા આંખી જીંદગી પણ કદાચ ઓછી પડે છે. માતા તેના બાળક પ્રત્યેના બચપણનો પ્રેમ, સ્નેહ, લાગણી કે હૂંફ નિર્દોષતાનો હોય છે. તેના બાળકો મોટા થતાં પ્રેમનું સ્વરૂપ વધુ કાળજી તથા થોડા અંશે ધાડમાં પરિવર્તન પામે છે. આ સમય પત્નીનો પતિ પ્રત્યેનો પ્રેમ આદરરૂપ તથા ગૃહસ્થની જવાબદારી નિભાવવામાં આદર્શ નારીરૂપ પ્રગટ થતો રહે છે અને અંતમાં વૃદ્ધાવસ્થામાં એકબીજાનાં ટેકે ટેકે ચાલતું, ઘડપણરૂપી પ્રેમ અલગ રીતે પ્રગટ થતું રહે છે. ટૂંકમાં પ્રેમ-સ્નેહ-લાગણીની જરૂરિયાત વ્યક્તિને જન્મથી મૃત્યુ પર્યંત રહેતી હોય છે. આ પ્રેમ તમે બીજાને આપો તેનાથી ડબલ પરિવર્તિત થઈ. તમને મળતો રહે છે. જોવાની દષ્ટિ કેળવવી પડે છે.

**રાંદેરરોડ, સુરત -દિપક.બી. દલાલ**